सत्यमेव जयते

| | |
|---|---|
| અરજી સ્વીકાર્યા તારીખ | ૧૨/૦૨/૨૦૨૬ |
| અરજી નોંધ્યા તારીખ | ૧૨/૦૨/૨૦૨૬ |
| અરજી નિકાલ કર્યા તારીખ | ૦૧/૦૫/ ૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ– માસ– દિન<br>૦૦ – ૦૨ – ૧૮ |

**જામનગરના શ્રમઅદાલતના પ્રિસાઈડીંગ ઓફીસરશ્રીની કોર્ટમાં, મું.જામનગર**

**રીકવરી ૩૩(સી)(૧) નં.૧/૨૦૨૬**

**આંક : ૧૦**

અરજદાર : પ્રતાપ બાલુભા સુમણીયા
C/O ભારતીય મઝદુર સંઘ,૧૭,
અભય શોપીંગ સેન્ટર, ડી.એસ.પી.બંગલા સામે,
જામનગર.

**<u>વિરુધ્ધ.</u>**

સામાવાળા : પ્રમુખશ્રી/ચીફ ઓફીસરશ્રી,
ઓખા નગરપાલિકા, ઓખા(પોર્ટ)
જી.દેવભૂમી દ્વારકા.

**<u>વિષય: આઈ.ડી.એક્ટની કલમ :૩૩ (સી)(૧) મુજબ વસુલાત અરજી.</u>**

અરજદાર તરફે : વિ.વકીલ શ્રી પી.ડી.રાયચુરા.

સામાવાળા તરફે : વિ.વકીલશ્રી પી.એલ.પોપટ.

---

-:: <u>જજમેન્ટ</u> ::-

(૧) અરજદારે હાલની અરજી આઈ.ડી.એકટની કલમ-૩૩(સી)(૧) હેઠળ કરેલ છે જેની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના અરજદાર સામાવાળા સંસ્થામાં ચોકીદાર તરીકે ફરજ બજાવતા હતા. અરજદારને સામાવાળાએ કાયમી કરી, કાયમીના લાભો આપેલ ન હોવાથી અરજદારે યુનીયન મારફત રેફરન્સ કેસ નં.એલ.સી. ડી.નં.૧૪/૧૯૯૭ થી દાખલ કરેલો, જે ચાલી જતા નામદાર મજુર અદાલત, જામનગર ધ્વારા અરજદારની તરફેણમાં હુકમ કરેલ. આમ છતાં સામાવાળાએ તે મુજબના લાભો ન આપતા અરજદારે આ હુકમ મુજબના પગાર તથા લાભો મેળવવા રીકવરી અરજી નં.૪૦/૨૦૧૮ દાખલ કરેલ, જે ચાલી જતા નામદાર મજુર અદાલત, જામનગર ધ્વારા અરજદારની અરજી અંશત: મંજુર કરી હુકમની જાણ થયેથી ૩૦ દિવસમાં અરજદારને રૂા.૫,૯૬,૮૫૨/- (અંકે રૂપિયા પાંચ લાખ છન્નુ હજાર આઠસો બાવન પુરા) તથા અરજી ખર્ચના રૂા.૫૦૦/- સામાવાળાએ ચુકવી આપવા હુકમ કરવામાં આવેલ. સદરહુ હુકમ તા.૧૦/૦૧/૨૦૨૦ ના રોજ નામદાર ધ્વારા હુકમ કરવામાં આવેલ. ત્યારબાદ સામાવાળાએ તે રકમ ન ચુકવતા અમો અરજદારે રેવન્યુ રાહે વસુલવા રીકવરી અરજી (સી-૧) નં.૪/૨૦૨૦ દાખલ કરેલ જેમાં નામદાર કોર્ટ ધ્વારા અરજી મંજુર કરી ખર્ચ સહિત રકમ રૂા.૫,૯૭,૩૫૨/- હુકમ કરવામાં આવેલ અને રેવન્યુ રાહે સર્ટીફિકેટ કાઢી આપેલ. ત્યારબાદ પણ ઉપરોકત રકમ વસુલ ન થતા અમોએ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ S.C.A.No.14532/2024 દાખલ કરેલ. જેથી તે રકમ આપ નામદાર કોર્ટ સમક્ષ જમા થયેલ અને અમોને મળેલ. ત્યારબાદ પણ સામાવળા સંસ્થા અમોને કાયમીનો પગાર ન આપતા અમોએ માહે જુન-૨૦૧૮ થી ડિસેમ્બર-૨૦૨૪ સુધીના છઠ્ઠા પગારપંચ પ્રમાણે ગણતરી કરી મળવાપાત્ર પગાર તફાવતની રકમ રૂા.

૯,૧૭,૯૨૫/– સામાવાળા પાસે મેળવવા રીકવરી અરજી(સી–ર) નં.૧૧/ ૨૦૨૫ કરેલ જે અરજી મંજુર કરી નીચે મુજબ હુકમ કરવામાં આવેલ.

–: : હુકમ : :–

(૧) આથી અરજદારની હાલની રીકવરી અરજી નં.૧૧/૨૦૨૫ મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના અરજદારને સામાવાળા સંસ્થાએ અરજદારની તફાવતની રકમ નિશાની ૪/૭ ની ગણતરી મુજબ તા.૦૧/ ૦૬/૨૦૧૮ થી ૩૧/૧૨/૨૦૨૪ સુધીના સમયગાળાના છઠ્ઠા પગારપંચ મુજબ રૂા.૯,૧૭,૯૨૫/– (અંકે રૂપિયા નવ લાખ સતર હજાર નવસો પચ્ચીસ પુરા) આજરોજ હુકમ તારીખથી દિન–૬૦ ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) જો સામાવાળા સંસ્થા દિન–૬૦ માં રકમ ના ચુકવે તો અરજદાર ત્યારબાદ આ રકમ પર ૬% લેખે સાદુ વ્યાજ મેળવવા હકકદાર રહેશે અને તે વ્યાજની રકમ સંસ્થાએ જવાબદાર અધિકારીના પગારમાંથી વસુલ કરવાની રહેશે.

(૪) આ અરજી ચલાવવામાં સામાવાળા સંસ્થાએ કરેલ વિલંબને ધ્યાને લેતા સામાવાળા સંસ્થાએ અરજીના ખર્ચ રૂા.૧૦,૦૦૦/– અરજદારને અલગથી ચુકવવા નો આદેશ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ તા.૦૯/૧૦/૨૦૨૫ ના પ્રસિધ્ધ કરવામાં આવેલ. જે હુકમ પ્રસિધ્ધી બાદ દિન–૬૦ માં સામાવાળા સંસ્થા હુકમ મુજબ આજદિન રકમ ચુકવેલ નથી. તેમજ રીકવરી અરજી નં.૧૧/૨૦૨૫ ના હુકમ સામે કોઈ અપીલ કરેલ નથી કે કોઈ નોટીસ અમોને આજદિન સુધી મળેલ નથી.

અરજદારે વધુમાં જણાવેલ છે કે, આમ નામદાર કોર્ટના હુકમ મુજબ અરજદારને સામાવાળાએ રૂા.૯,૨૭,૯૨૫/–(અંકે રૂપિયા નવ લાખ

સત્યાવીસ હજાર નવસોપચ્ચીસ પુરા)ચુકવવાના થતા હોવા છતાં સામાવાળા સંસ્થાએ ચુકવેલ ન હોય, હાલની અરજીમાં માંગેલ રકમ સામાવાળા પાસે લેણી નીકળે છે. જે રેવન્યુ રાહે જપ્તી વસુલાતથી સામાવાળા પાસેથી રેવન્યુ રાહે વસુલ અપાવવા તથા હાલની અરજી ખર્ચના રૂા.૧૦,૦૦૦/– અપાવવા અરજ કરેલ છે.

(૨) આ કામે સામાવાળાઓને નોટીસ કાઢતા સામાવાળાને બજી જવા પામેલ છે, ત્યારબાદ સામાવાળા તરફે આંક–૮ થી વકીલપત્ર રજુ કરેલ છે. પરંતુ આ કામે અન્ય કોઈ રજુઆત કરેલ નથી.

(૩) આ કામે અરજદાર તરફે આંક ૬ થી અરજદારનું સોગંદનામું તથા નિશાની ૩/૧ થી રીકવરી અરજી નં.૧૧/૨૦૨૫ માં થયેલ હુકમ નકલ રજૂ થયેલ છે. ત્યારબાદ અરજદારના વિ.પ્રતિનિધિશ્રીની મૌખિક દલીલો સાંભળી. જેની આગળ જરૂર મુજબ ચર્ચા કરવામાં આવેલ છે.

(૪) આ કામે સામાવાળા તરફે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. આ કામે અરજદાર તથા સામાવાળાના વિ.વકીલશ્રીઓની દલીલો સાંભળી.

(૫) અરજીની ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા અત્રેની અરજીના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–: <u>મુદ્દા ઓ</u> :–**

(૧) શું અરજદાર આ કામના સામાવાળા પાસેથી રીકવરી અરજી ૩૩(સી)(૨) નં.૧૧/૨૦૨૫ના કામમાં થયેલ હુકમ મુજબ રૂા.૯,૨૭,૯૨૫/–(અંકે રૂપિયા નવ લાખ સત્યાવીસ હજાર નવસો પચ્ચીસ પુરા) તથા હાલની અરજી ખર્ચના રૂા.

૧૦,૦૦૦/– વસુલ મેળવવા કલેકટરશ્રી દેવભૂમી દ્વારકાના નામે રીકવરી સર્ટીફીકેટ મેળવવા હકકદાર છે?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદાઓ અંગે મારા નિર્ણયો તથા તેના કારણો નીચે મૂજબ છે.

(૧) અંશત:હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## :: કારણો ::

### મુદ્દા નં.૧:–

(૭) આ કામમાં અરજદારે હાલની રીકવરી અરજી રેફરન્સ કેસ નં. ૧૪/૧૯૯૭ અત્રેની અદાલતમાં ચાલી જતા નામદાર મજુર અદાલત, જામનગર દ્વારા અરજદારની તરફેણમાં હુકમ કરેલ. તેમ છતાં સામાવાળાએ તે મુજબના લાભો ન આપતા અરજદારે સદરહુ હુકમ મુજબના પગાર તથા લાભો મેળવવા રીકવરી અરજી સી(૨) નં.૧૧/૨૦૨૫ દાખલ કરેલ, જે ચાલી જતા નામદાર મજુર અદાલત, જામનગર દ્વારા અરજદારની અરજી અંશત: મંજુર કરી આ કામના સામાવાળાએ તેને આ હુકમની જાણ થયેથી દિવસ–૬૦ માં અરજદારને રૂા.૯,૨૭,૯૨૫/–(અંકે રૂપિયા નવ લાખ સત્યાવીસ હજાર નવસો પચ્ચીસ પુરા) ચુકવી આપવાનો હુકમ કરવામાં આવેલ. સદરહુ હુકમ મુજબની રકમ સામવાળાએ અરજદારને ન ચુકવતા અરજદારે હાલની અરજી રીકવરી સર્ટીફીકેટ ઈસ્યુ કરવા અંગે કરેલ છે. આ કામે અરજદારે આંક–૮ ના સોગંદનામાથી જાહેર કરેલું છે કે, મજુર અદાલત, જામનગરના રીકવરી અરજી ૩૩(સી)(૨) નં.૧૧/૨૦૨૫ માં થયેલ હુકમનું પાલન સામાવાળાએ કરેલ

નથી. અરજદારે વધુમાં એવુ જણાવેલ છે કે, તેઓને આજદિન સુધી સામાવાળા સંસ્થાએ હુકમ મુજબની કોઈ રકમ ચુકવેલ નથી. નામદાર મજુર અદાલત જામનગરના રેફરન્સ એલ.સી.ડી.નં.૧૪/૧૯૯૭ના હુકમ સામે સામાવાળા સંસ્થાએ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એસ.સી.એ.નં. ૧૮૭૦/૨૦૨૧ દાખલ કરેલ જે નામદાર હાઈકોર્ટ દ્વારા તા.૧૪/૯/ ૨૦૨૧ ના હુકમથી રદ કરેલ. જેની સામે કોઈ અપીલ થયેલ નથી કે તેવી કોઈ નોટીસ અરજદારને મળેલ નથી. આ ઉપરાંત રીકવરી અરજી સી(૨) નંબર ૧૧/૨૦૨૫ ના હુકમ સામે પણ કોઈ અપીલ થયેલ હોય તેવું અત્રેની કચેરીના પી.એલ.એ. શાખાના આસીસ્ટન્ટશ્રી પાસે વેરીફાઈ કરી શેરો કરવાનું જણાવતા રીટ કોઈ રીટ આવેલી નહી હોવાનુ તેમજ કોઈ રકમ પણ જમા થયેલ ન હોવાનું જણાવે છે. આમ, સામાવાળાએ આ કામમાં અરજદાર ને ચુકવવાની થતી રકમ જમા કરાવેલી ન હોય અને ઉપલી અદાલતનો કોઈ સ્ટે ન હોય, સદરહુ રકમનું રીકવરી સર્ટીફીકેટ કલેકટરશ્રીને કાઢી આપવુ યોગ્ય અને ન્યાયી જણાતુ હોય, મુદ્દા નંબર ૧ નો જવાબ અંશત: હકારમાં ઠરાવી મુદ્દા નંબર ૨ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>-:: હુ ક મ ::-</u>

**૧.** આ કામના અરજદારની હાલની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

**૨.** આ કામના સામાવાળા સંસ્થા ઓખા નગરપાલિકાના જવાબદાર પ્રમુખશ્રી/ચીફ ઓફીસરશ્રી, ઓખા નગરપાલિકા, ઓખા (પોર્ટ) જી. દેવભુમિ દ્વારકાની સામે રૂા.૯,૨૭,૯૨૫/-(અંકે રૂપિયા નવ લાખ સત્યાવીસ હજાર નવસો પચ્ચીસ પુરા) વસુલ લેવાનું રીકવરી સર્ટીફીકેટ સંબંધિત કલેકટરશ્રી દેવભૂમિ દ્વારકાનાઓ

ઉપર કાઢી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ અરજીનો ખર્ચ પક્ષકારોએ જાતે ભોગવવો.

૪. કલેકટરશ્રી દેવભૂમિ ધ્વારકાનાએ સદર રકમની કાયદા મુજબ વસુલ લઈ, અત્રેની અદાલતમાં ૩ માસમાં તેનો રીપોર્ટ કરવો.

૫. હુકમ મુજબ જરૂરી યાદી કલેકટરશ્રી દેવભૂમિ ધ્વારકાનાઓ તરફ કરવી.

હુકમ આજરોજ તા.૧ લી માહે મે સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.૦૧/૦૫/૨૦૨૬.
જામનગર.

**(દીલીપ વ્રજલાલ સાવલીયા)**
પ્રિસાઈડીંગ ઓફીસર,
મજુર અદાલત કોર્ટ નં.૨,જામનગર.
**જીજે–૦૧૨૯૮**